For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ૭ કિમીના રૂટ પર મેગા સુરક્ષા રિહર્સલ, પોલીસ કમિશનરની હાજરીમાં બંદોબસ્તની સમીક્ષા

# આજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા : પોલીસ એક્શન મોડમાં, ૪૫૦૦થી વધુ જવાનો રહેશે તૈનાત

**સંવેદનશીલ** વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત, CCTV અને કંટ્રોલ રૂમથી સમગ્ર યાત્રા પર રહેશે નજર

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં અષાઢી બીજના પાવન પર્વે યોજાનારી 45 ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને શહેર પોલીસ સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. રથયાત્રા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને નિર્વિઘ્ન રીતે સંપન્ન થાય તે માટે પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ સમગ્ર રૂટ પર સુરક્ષા બંદોબસ્તનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. કોઈ અનિચ્છનીય બનાવવાનો બને તેના માટે 4500થી વધુ જવાનો રથયાત્રા દરમિયાન તેનાત રહેશે.

ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા બુધવારે બપોરે વડોદરા રેલવે સ્ટેશનથી પ્રસ્થાન કરશે અને શહેરના વિવિધ રાજમાર્ગો પરથી પસાર થઈ પોલો ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થશે. અંદાજે 7 કિલોમીટર લાંબા રૂટ પર સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રથયાત્રાના રૂટ પર પોલીસ કમિશનર નરસિંહા કોમાર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં સુરક્ષા બંદોબસ્તનું મેગા રિહર્સલ યોજાયું હતું. આ દરમિયાન પોલીસ દળની તૈનાતી, ટ્રાફિક વ્યવસ્થા, ઈમરજન્સી રિસ્પોન્સ તેમજ ભીડ નિયંત્રણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

રથયાત્રા દરમિયાન શહેર પોલીસના આશરે 4500થી વધુ પોલીસ જવાનો ઉપરાંત બહારથી મંગાવવામાં આવેલી પોલીસ કંપનીઓ પણ સુરક્ષા વ્યવસ્થામાં જોડાશે. સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જ્યારે સમગ્ર રૂટ પર લગાવવામાં આવેલા CCTV કેમેરા મારફતે કંટ્રોલ રૂમમાંથી સતત નજર રાખવામાં આવશે.

કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તમામ જરૂરી પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સમગ્ર રથયાત્રા દરમિયાન સુરક્ષા એજન્સીઓ, ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ વચ્ચે સતત સંકલન જળવાઈ રહે તેના માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા નાગરિકોને પણ શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.



વડોદરાના ગોત્રી ઇસ્કોન મંદિરમાં જગન્નાથજીની રથયાત્રા પૂર્વે તૈયારીના ભાગરૂપે ૪૫ ટન શીરાનો અદભૂત મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો. **(તસવીર : રણજીત સૂર્વે)**

### રથયાત્રા પૂર્વે વડોદરા હાઈ એલર્ટ, બોમ્બ અને ડોગ સ્કવોડનું સઘન ચેકિંગ



ભગવાન જગન્નાથની રથયાત્રા પૂર્વે વડોદરા શહેર પોલીસ હાઈ એલર્ટ પર આવી ગઈ છે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા ઇસ્કોન મંદિર પરિસર, પાર્કિંગ એરિયા તેમજ સમગ્ર રથયાત્રા રૂટ પર સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે મંદિર અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવાઈ છે. પોલીસે ભક્તોને સતર્ક રહેવા તેમજ કોઈ શંકાસ્પદ વસ્તુ કે વ્યક્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

### સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું સતત પેટ્રોલિંગ
## સોશિયલ મીડિયા પર પણ સતત નજર



ભગવાન જગન્નાથજીની રથયાત્રાને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે. કોઈપણ અટકચાળું કે અઘટિત બનાવ ન બને તે માટે તમામ પોલીસ સ્ટાફને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ઉપરાંત શહેરનું વાતાવરણ બગાડે અથવા અફવા ફેલાવે તેવી સોશિયલ મીડિયા પોસ્ટ પર પણ સાયબર ક્રાઇમ સેલ દ્વારા 24 કલાક નજર રાખવામાં આવશે. ભડકાઉ અથવા ગેરમાર્ગે દોરતી પોસ્ટ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. રથયાત્રા પૂર્વે પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં સમગ્ર રૂટ પર સુરક્ષા રીહર્સલ યોજાઈ હતી. આ દરમિયાન સંવેદનશીલ વિસ્તારો, ધાબા પોઈન્ટ અને ડીપ પોઈન્ટની ચકાસણી કરવામાં આવી હતી. રૂટ નિરીક્ષણ બાદ તમામ પોલીસ અધિકારીઓને બંદોબસ્ત અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

**શંકાસ્પદ વ્યક્તિ દેખાય તો પોલીસનો સંપર્ક કરવા અપીલ**

ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો ઉમટવાના હોવાથી ખિસ્સાકાતરાઓ અને ચોરી કરતી ટોળકીઓ સક્રિય ન બને તે માટે વડોદરા પોલીસે વિશેષ આયોજન કર્યું છે. પીસીબી, ડીસીબી, એસઓજી અને ડી-સ્ટાફની ટીમો સાદા વેશમાં ભીડ વચ્ચે સતત પેટ્રોલિંગ કરી શંકાસ્પદ તત્વો પર નજર રાખશે.

### કોણ કોણ ખડે પગે ફરજ બજાવશે

» 1 સંયુક્ત પોલીસ કમિશનર, » 1 એડિશનલ પોલીસ કમિશનર, » 9 DCP, » 12 ACP » 44 PI » 67 PSI » 1700 પોલીસ કર્મચારીઓ, » 300 ટ્રાફિક પોલીસ, » 800 TRB જવાનો, » SRPની 3 કંપની » 2000 હોમગાર્ડના જવાનો

### રથયાત્રામાં નાગરિકોને સહકાર આપવા અનુરોધ : પો.કમિશનર

રથયાત્રા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થામાં નાગરિકો સહકાર આપે અને પોલીસની સૂચનાઓનું પાલન કરે. શહેરનું વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરનાર અસામાજિક તત્વો પર પોલીસ સતત નજર રાખી રહી છે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમણે રથયાત્રામાં જોડાનારા ભક્તોને કીમતી દાગીના, મોટી બેગ અથવા કિંમતી સામાન સાથે ન આવવા તેમજ સતર્ક રહી સુરક્ષા વ્યવસ્થામાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

**- નરસિમ્હા કોમાર,** પોલીસ કમિશનર



૧૧૩ રનની યાદગાર ઈનિંગ બદલ પરિવાર-ચાહકો અને BCAએ પાઠવી શુભેચ્છાઓ

# લોડર્સ પર ઈતિહાસ રચનાર બરોડિયન યાસ્તિકા ભાટિયાનું એરપોર્ટ પર સ્વાગત

**ઈંગ્લેન્ડ** સામે પ્રથમ ટેસ્ટમાં સદી ફટકારનાર વિશ્વની પ્રથમ મહિલા બની યાસ્તિકા

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

ઈંગ્લેન્ડના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર 142 વર્ષના ઈતિહાસમાં રમાયેલી પ્રથમ મહિલા ટેસ્ટ મેચમાં ભારતીય ટીમે ઐતિહાસિક જીત નોંધાવી હતી. આ મેચમાં વડોદરાની દીકરી યાસ્તિકા ભાટિયાએ અદભુત પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું હતું.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં વિકેટકીપર અને બેટર યાસ્તિકાએ મેચની ત્રીજી ઈનિંગમાં 158 બોલમાં 12 ચોગ્ગાની મદદથી 113 રનની શાનદાર સદી ફટકારી હતી. આ સાથે તે લોર્ડ્સના મેદાન પર સદી કરનાર વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે. ટીમની જીત બાદ બુધવારે સાંજે યાસ્તિકા વડોદરા એરપોર્ટ પર પહોંચી હતી. ત્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ ખાતે યાસ્તિકાના માતા પિતા,ફ્રેન્ડ્સ ફેન સહિત બીસીએના પદાધિકારીઓ દ્વારા તેનું સ્વાગત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ક્રિકેટર યાસ્તિકાએ જણાવ્યું હતું કે, મારું ખુબ જ સુંદર રીતે સ્વાગત કરવામાં આવ્યું છે અને હું ખુબજ ગર્વ અનુભવી રહી છું. મને સપોર્ટ કરનાર મારા ફેમિલી મેમ્બર અને સપોર્ટ સ્ટાફનો આભાર માનું છું. બરોડિયન ગર્લની આ સિદ્ધિથી સમગ્ર શહેરમાં ગર્વની લહેર જોવા મળી રહી છે.

### પોલો ગ્રાઉન્ડથી લોડ્ર્સ સુધીની સફર
### યાસ્તિકાની મહેનત અને અનુશાસનની કહાની

બરોડિયન ક્રિકેટર યાસ્તિકા ભાટિયાની સફળતા પાછળ વર્ષોની મહેનત અને અનુશાસન રહેલું છે. વડોદરા શહેરના પોલો ગ્રાઉન્ડ ખાતે આવેલા યાસ્તિકા યુથ સર્વિસ સેન્ટરમાં તે રમવાની શરૂઆત કરી હતી. ત્યાંથી જ તેના સારા પરફોર્મન્સના કારણે બરોડા ક્રિકેટ એસોસિયેશનની અન્ડર-19 ટીમમાં પસંદગી થઈ હતી. અન્ડર-19માં ઉત્કૃષ્ટ પ્રદર્શન બાદ તેને સિનિયર ટીમમાં સ્થાન મળ્યું. 2021માં યાસ્તિકા ટીમ ઈન્ડિયામાં સામેલ થઈ અને 2022માં ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન તેણે એક સાથે ટી-20, વનડે અને ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. યાસ્તિકા રોજ 3 કલાક બેટિંગ અને વિકેટકીપિંગની પ્રેક્ટિસ કરે છે. ક્રિકેટ સાથે અભ્યાસમાં પણ તે હંમેશા ટોપ-3માં રહેતી હતી. ધોરણ-12 સાયન્સમાં તેણે 90% માર્ક્સ સાથે પાસ કર્યું હતું. છેલ્લા 10 વર્ષથી તે સ્ટ્રિક્ટ ડાયટ ફોલો કરે છે. તેણે સુગર અને સ્વીટ્સ બંધ કરી દીધા છે. ડ્રાયફ્રુટ્સ, જીમ અને રનિંગ તેના રોજિંદા શિડ્યુલનો ભાગ છે. બાળપણથી જ સ્પોર્ટ્સમાં રસ ધરાવતી યાસ્તિકાએ 6 વર્ષની ઉંમરે બેડમિન્ટનમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સુધી અને બાદમાં કરાટેમાં બ્લેક બેલ્ટ પણ મેળવ્યો હતો. તે હંમેશા કહેતી હતી કે હું ઈન્ડિયાની જર્સી પહેરીને ટીમ ઈન્ડિયા માટે રમીને દેશને જીતાડવા માંગુ છું.

# પોદ્દાર વર્લ્ડ સ્કૂલ વિવાદ: વાન કોન્ટ્રાક્ટને લઈ વાલીઓનો આક્રોશ

**૪૦ જેટલા** બાળકોને અજાણી વાનમાં બેસાડ્યાનો વાલીઓનો આક્ષેપ

**પરવાનગી** વિના બાળકોને અલગ વાનમાં બદલ્યા ,પોલીસ બોલાવ્યા બાદ જવાબદારી સ્વીકારાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાના ન્યુ સમા રોડ પર આવેલી પોદ્દાર વર્લ્ડ સ્કૂલમાં વાન કોન્ટ્રાક્ટના વિવાદને કારણે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. વાલીઓનો આક્ષેપ છે કે સ્કૂલ વર્ધિ વાન ચાલકો વચ્ચેનો કોન્ટ્રાક્ટ અલગ થતા બાળકોને હેરેસમેન્ટ કરવામાં આવી રહી છે.

વાલીઓના જણાવ્યા મુજબ છેલ્લા બે દિવસથી મેનેજમેન્ટ અને બહારના વાન ઓનરોએ વાલીઓને પૂછ્યા વિના 40 થી 45 બાળકોને અજાણી વાનમાં બેસાડી દીધા હતા. તે વાનના ડ્રાઈવર કે નંબર વિશે વાલીઓને કોઈ જાણકારી આપવામાં આવી ન હતી. બાળકો અડધોથી પોણો કલાક અજાણી જગ્યાએ રહ્યા હતા. એક વાલીએ કહ્યું કે તેમની દીકરીને જબરજસ્તી ત્રીજા અજાણ્યા વ્યક્તિની વાનમાં બેસાડવામાં આવી હતી. સ્કૂલ બહાર સિક્યોરિટી વાળો વીડિયો લેતો હોવાની ફરિયાદ પણ પ્રિન્સિપાલને કરવામાં આવી હતી. વાલીઓએ એડમીન સંજય અને પાર્થ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ કોઈ સચોટ નિરાકરણ ન મળ્યું. મેનેજમેન્ટ દ્વારા વાલીઓ પર દબાણ કરવામાં આવી રહ્યું હોવાનો પણ આક્ષેપ છે. વાન ચાલકે જવાબદારી અંગે પૂછતા કહ્યું કે તમે જવાબદાર. મામલો વણસતા વાલીઓએ આજે પોલીસ બોલાવી હતી. ત્યારબાદ પ્રિન્સિપાલ અને એડમીન દ્વારા બાળકોની જવાબદારી લેવામાં આવી છે. વાલીઓની માંગ છે કે સ્કૂલ મેનેજમેન્ટ બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા આપે અને વાલીઓની પરવાનગી વિના કોઈ નિર્ણય ન લે.

### પોતાની બાઈક માંજલપુરના ઈવા મોલ પાસે મૂકીને ઇકો વાનમાં મિત્રો સાથે નીકળ્યો હતો

# પિતાની રાત ભર શોધખોળ,મિત્રના ફ્લેટમાંથી પુત્રનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો

**અકસ્માત,** આત્મહત્યા કે અન્ય કોઈ સંજોગો સહિત તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને પોલીસની તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરાના ડભોઈ રોડ પર આવેલા કુબેર એક્સપ્રેશન એપાર્ટમેન્ટમાંથી એક યુવાનનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. હાલ મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

વડોદરાના ડભોઈ રોડ પર આવેલા કુબેર એક્સપ્રેશન એપાર્ટમેન્ટના એફ-1 બ્લોકના ફ્લેટ નંબર 103માંથી એક યુવાનનો મૃતદેહ મળી આવવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક



તપાસમાં મૃતકની ઓળખ આકાશ રવિભાઈ પાટીલ તરીકે થઈ છે, જે વડોદરાના માંજલપુર વિસ્તારમાં આકાશવાણી પાછળ આવેલી ચિત્રકૂટ સોસાયટીનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી અનુસાર, આકાશ પોતાની બાઈક માંજલપુરના ઈવા મોલ પાસે મૂકીને ઈકો વાનમાં મિત્રો સાથે નીકળ્યો હતો. ત્યારબાદ મિત્રો તેને ફ્લેટ પર મૂકી ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૃતક ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાનું પણ જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં વરણામા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પરિવારજનોને જાણ કરી તેમને પોલીસ ચોકી ખાતે બોલાવવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, અને પોલીસે અકસ્માત, આત્મહત્યા કે અન્ય કોઈ સંજોગો સહિત તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. આ સમગ્ર મામલે પોલીસ સીસીટીવી ફૂટેજ, મિત્રોના નિવેદનો અને અન્ય પુરાવાના આધારે તપાસ આગળ વધારી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે.

### મિત્રો સાથે વાઘોડિયા તરફ ગયા પણ લોકેશન ન મળતા અજયનો સંપર્ક કર્યો

દીકરો સાંજે 7:30 વાગ્યા બાદ નોકરીથી ઘરે નહોતો પહોંચ્યો. ઘણી જગ્યાએ શોધ્યા બાદ પણ તે ન મળતા રાતે 2-3 વાગ્યે સરસ્વતી કોમ્પ્લેક્સ પાછળ તેની બાઈક મળી આવી હતી. મિત્રો સાથે વાઘોડિયા તરફ ગયા પણ લોકેશન ન મળતા અજયનો સંપર્ક કર્યો. અજય અડધા કલાકમાં આવ્યો. જે ઘરમાં દીકરાની લાશ મળી તે અજયનું જ ઘર હતું. પહેલા 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. તેમણે દીકરાને મૃત જાહેર કર્યો, ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. - **રવિન્દ્ર પાટીલ,** મૃતકના પિતા

# મકરપુરા GIDCમાં કેમિકલ પ્લાન્ટમાં આગ, મોટી દુર્ઘટના ટળી

**ફાયર** બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૫

વડોદરા મહાનગરપાલિકાના મુખ્ય ફાયર કંટ્રોલ રૂમને ગત તા. ૧૪ જુલાઈ ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૦૩:૨૬ કલાકે એક ગંભીર આગ લાગવાની ઘટના અંગે કોલ મળ્યો હતો. આ ઘટના મકરપુરા GIDC વિસ્તારમાં હિમાલયા ચોકડી પાસે આવેલી વિઝન કંપનીની પાછળની ગલીમાં આવેલા પ્લોટ નં. ૭૧૯ ખાતે કાર્યરત એક કેમિકલ પ્લાન્ટિંગ કંપનીમાં બની હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ફાયર કંટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક અસરથી નજીકના GIDC મકરપુરા ફાયર સ્ટેશનથી ફાયર ફાઈટર વાહન અને જવાનોની ટીમને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી ભારે જહેમત ઉઠાવી કેમિકલ પ્લાન્ટમાં લાગેલી આગ પર સતત પાણીનો મારો ચલાવ્યો હતો. ફાયર ટીમની સમયસૂચકતા અને સચોટ આયોજનને કારણે આગને આગળ વધતી અટકાવી તેના પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેવાયું હતું, જેના લીધે એક મોટી હોનારત ટળી હતી.

પ્રાથમિક તપાસ અને મળેલ માહિતી મુજબ, આ દુર્ઘટના પ્લાન્ટમાં શોર્ટ સર્કિટ થવાના કારણે સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત, વડોદરા શહેરમાં અન્ય અલગ-અલગ સ્થળોએ બનેલી ઘટનાઓ અંગે ફાયર બ્રિગેડને કુલ ૦૮ ઈમરજન્સી કોલ્સ મળ્યા હતા. જેમાં ૨ ફાયર કોલ, ૩ વૃક્ષ ધરાશાયી થવાના કોલ, ૩ રેસ્ક્યુ કોલનો સમાવેશ થાય છે.

ફાયર બ્રિગેડની ટીમોએ તમામ ઘટનાસ્થળોએ ત્વરિત પગલાં ભરીને જોખમી વૃક્ષો દૂર કરવા, આગ ઓલવવી તેમજ જરૂરિયાતમંદ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

### તંત્રની ઉદાસીનતા સામે કલાકી-વડસરના રહીશોએ મોરચો માંડ્યો

# સ્માર્ટ સિટીમાં દૂષિત પાણીનો કહેર! નીલ ટેરેસ સોસાયટીના રહીશોએ પાલિકા સામે ફોડ્યો રોષ

**૧૫ દિવસથી** ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી આવતાં ૩૨ પરિવારો પરેશાન, રોગચાળાની ભીતિ ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સ્માર્ટ સિટી વડોદરામાં વિકાસના દાવાઓ વચ્ચે શહેરના કલાલી-વડસર રોડ પર આવેલી નીલ ટેરેસ સોસાયટીમાં છેલ્લા 15 દિવસથી દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી આવતાં રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. પીવાના શુદ્ધ પાણી જેવી પાયાની સુવિધાથી વંચિત બનેલા સ્થાનિકોએ પાલિકા તંત્ર સામે વિરોધ પ્રદર્શન કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.



સ્થાનિકોના જણાવ્યા મુજબ, સોસાયટીમાં આશરે 32 પરિવારો રહે છે. છેલ્લા બે અઠવાડિયાથી નળમાં ગંદુ પાણી આવતાં પીવા અને ઘરગથ્થુ ઉપયોગ માટે મુશ્કેલી સર્જાઈ છે. ચોમાસાની ઋતુમાં દૂષિત પાણીના કારણે ટાઈફોઈડ, કમળો તેમજ ઝાડા-ઉલટી જેવા રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ સેવાઈ રહી છે. નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય અંગે પરિવારો ચિંતિત બન્યા છે.

રહીશોએ આક્ષેપ કર્યો છે કે સમસ્યા અંગે વડોદરા મહાનગરપાલિકા અને સ્થાનિક કોર્પોરેટરોને અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆત કરવા છતાં કોઈ જવાબદાર અધિકારી સ્થળ પર પહોંચ્યો નથી. જેના કારણે લોકોમાં તંત્ર પ્રત્યે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન રહીશોએ જણાવ્યું હતું કે તેઓ નિયમિત ટેક્સ ચૂકવે છે, છતાં શુદ્ધ પીવાનું પાણી જેવી મૂળભૂત સુવિધા પણ મળતી નથી. તેમણે પાલિકા તંત્રને ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં સમસ્યાનો કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો કોર્પોરેશન કચેરીનો ઘેરાવ કરી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# MSUની યુનિટ બિલ્ડીંગ પાસે બે વિદ્યાર્થી જૂથો વચ્ચે મારામારી

**વિદ્યાર્થી** બાઈક લઈને ભાગતા કાર સાથે અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ફરી એકવાર વિવાદોના વંટોળમાં સપડાઈ છે. ગઈકાલે વિદ્યાર્થી સંગઠનોના વિદ્યાર્થી કાર્યકરો વચ્ચે થયેલી મારામારીની ચર્ચા હજુ શાંત થઈ નથી. ત્યાંતો ફરી કેમ્પસમાં કાયદો અને વ્યવસ્થાના ફરી લીરેલીરા ઉડ્યા છે.

એમએસયુના યુનિવર્સિટીના સી.સી.મહેતા ઓડિટોરિયમ નજીક બે વિદ્યાર્થી જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. સિક્યોરિટી સુપરવાઈઝર અક્ષય સાલવે પાસેથી મળતી માહિતી મુજબ, બંને જૂથો અચાનક આમને-સામને આવી ગયા હતા અને ત્યારબાદ તેમની વચ્ચે જોરદાર ઝપાઝપી શરૂ થઈ હતી. આ હોબાળા દરમિયાન એક વિદ્યાર્થી પોતાનો જીવ



બચાવવા બાઈક લઈને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે દરમિયાન સામે પાર્ક કરેલી એક કાર સાથે તેની બાઈક જોરદાર રીતે અથડાઈ હતી. અકસ્માતને કારણે મહિલા પ્રાધ્યાપકની કારને નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત બાદ ગભરાયેલો વિદ્યાર્થી પોતાની બાઈક ઘટનાસ્થળે જ છોડીને ત્યાંથી નાસી છૂટ્યો હતો. કેમ્પસમાં વાતાવરણ વધુ ન બગડે તે માટે સિક્યોરિટી સુપરવાઈઝર દ્વારા તાત્કાલિક 112 નંબર પર પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ સયાજીગંજ પોલીસનો કાફલો તાત્કાલિક કેમ્પસમાં દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

### વારંવાર ફોન છતાં જવાબ નહીં મળ્યાનો આક્ષેપ

# ઓનલાઈન વેજ બિરયાની મંગાવી, પાર્સલ ખોલતાં નોન-વેજ હોવાનું જણાતાં ગ્રાહક ચોંક્યો

**ગ્રાહકે** કડક કાર્યવાહી અને સતર્ક રહેવાની કરી અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરાના નટુભાઈ સર્કલ નજીક આવેલી એક હોટેલ સામે ગ્રાહકે ગંભીર બેદરકારીનો આક્ષેપ કર્યો છે. ગ્રાહકના જણાવ્યા મુજબ, તેમણે ઓનલાઈન વેજ બિરયાનીનો ઓર્ડર આપ્યો હતો, પરંતુ ડિલિવરીમાં નોન-વેજ બિરયાની મોકલવામાં આવી હતી. ઘટનાએ ગ્રાહકોમાં આશ્ચર્ય ફેલાવ્યું છે.

ગ્રાહકના જણાવ્યા અનુસાર, સિનેમાર્ક ટોકીઝ નજીક આવેલી હોટેલમાંથી ઓનલાઈન વેજ બિરયાની મંગાવવામાં આવી હતી. જોકે, પાર્સલ ખોલતાં તેમાં નોન-વેજ બિરયાની હોવાનું સામે આવ્યું. ધાર્મિક અને વ્યક્તિગત માન્યતાઓને કારણે આ



ઘટના તેમના માટે અત્યંત આઘાતજનક હોવાનું તેમણે જણાવ્યું હતું.

આક્ષેપ મુજબ, ભૂલ અંગે જાણ કરવા માટે ગ્રાહકે હોટેલમાં અનેક વખત ફોન કર્યો હતો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહોતો. ત્યારબાદ તેઓ રૂબરૂ હોટેલ પર પહોંચ્યા અને મેનેજરને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ગ્રાહકનું કહેવું છે કે ઓર્ડરની આવી ગંભીર ભૂલ અને ત્યારબાદ ફરિયાદ પ્રત્યે ઉદાસીનતા ગ્રાહકોના વિશ્વાસને ઠેસ પહોંચાડે છે.

ગ્રાહકે અન્ય લોકોને પણ ઓનલાઈન ફૂડ ઓર્ડર કરતી વખતે ડિલિવરી મળ્યા બાદ વસ્તુની ચકાસણી કરવાની અપીલ કરી છે. આ મામલે હોટેલ સંચાલન તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. નોંધનીય છે કે આ સમગ્ર બાબત ગ્રાહકના આક્ષેપો પર આધારિત છે અને સંબંધિત હોટેલનો પક્ષ હજુ સુધી જાહેર થયો નથી.